સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

(રજત જયંતી વર્ષ)

સ્વાર્થની ખેંચાખેંચે ટિકીટની મોટી મોકાણ છે,
'ચૂંટણી ખર્ચ' ખાયકી માટેનું મોટું રોકાણ છે!
ઓળખાય પણ નડતી નથી મોટી લેતી-દેતીમાં -
સેવાના ક્ષેત્રમાં, નીતિ-નિષ્ઠાનું મોટું ધોવાણ છે
(ચૂંટણી એટલે લોકશાહીના લીરા)

હાઈકુ

પાત્રતા નહીં -
સ્નેહ-સંબંધોનું જ
થાય વંચાણ...

યોગ્યતા નહીં
યેન-કેન પ્રકારે
થાય દબાણ...

ચિંતન

અન્યાશ્રયાણાં ત્યાગઃ અનન્યતા ।

ઉપરોક્ત શ્લોક પતંજલિ યોગસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

(પોતાના પ્રિયતમ ભગવાન સિવાય) બીજા બધા આશ્રયોનો ત્યાગ એટલે અનન્યતા.

ભક્ત તો ચાતકની માફક કેવળ ભગવાનમાં ચિત્ત લગાવી તેના પર નિર્ભર છે. ભક્ત ભગવાન સિવાય કોઈનું અસ્તિત્વ માનતો જ નથી. તો પછી બીજા કોઈનો આશ્રય મેળવવાની તો વાત જ ક્યાં રહી ? આ સંસારની બધી વસ્તુઓ તો નાશવંત છે. આ જગતના ઉત્પાદમાંથી ભગવાન સિવાય કોઈ બચાવી શકે નહીં... આથી જ ભગવાન સિવાય કોઈના પર ભક્ત આધાર રાખતો નથી. કારણ કે ભગવાન અવિનાશી અને દયાશીલ છે.

વિવેક અને વૈરાગ્યથી આનંદપ્રમોદના કેન્દ્રોનો નાશ કરવો જોઈએ. મન સાથેનો આ વિગ્રહ કઈ નાનો સૂનો નથી. ગંગાજીના જળ પાછા બદ્રિનારાયણ ચડાવવા જેટલું મુશ્કેલ કાર્ય છે. તમારા મનને ઈશ્વરભિમુખ કરવું એ તો તેના કરતા પણ અનેકગણું મુશ્કેલ છે.

સુવિચાર

- શિક્ષા આપે તે શિક્ષક, દીક્ષા આપે તે ગુરુ, પ્રેમની ભિખા આપે તે સદ્‌ગુરુ - **મોરારિ બાપુ**
- આજીવિકાનું સાધન, સારું સ્વાસ્થ્ય અને પ્રવૃત્ત રાખે તેવું પ્રયોજન, હોય તો સાઈઠ પછીના વર્ષો જીવનના સર્વોત્તમ કાળ બની રહેશે - **એસ ભટ્ટાચાર્ય**
- કોઈને પડતા જોઈ હસવું નહીં, પણ સ્વ એ પડતા બચવું - **જનકલ્યાણ**
- સામાન્ય શિષ્યને વિભૂતિ બનાવી દે તે ગુરુ - **બોધિવૃક્ષ**
- જે જીવનમાં કશું કરી શકતા નથી તે ટીકાકાર બની જાય છે - **કાર્લાઈલ**
- તમારી જાત પ્રત્યે પહેલીવહેલી વાર પેટ ભરીને હસવું આવે તે દિવસે તમે પરિપક્વ બન્યા કહેવાયો - **રેમંડ હિચકોક**
- આજનું ઔષધ : રોજ બે ગાજર સવાર સાંજ ખાવાથી બહેનોને હોર્મોન સંબંધી સમસ્યાઓમાં રાહત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

વૈશાખ મહિનાની ભીષણ ગરમીમાં ટ્રેનમાં એક શેઠ અને એક સંત મુસાફરી કરી રહ્યા હતા. એક સ્ટેશને ગાડી ઊભી રહી. એક દસ વર્ષનો છોકરો બૂમ પાડીને 'ઠંડુ પાણી, તરસ છીપાવો દસ પૈસાનો એક ગ્લાસ' પાણી વેચી રહ્યો હતો. શેઠને પાણી પીવાની ઈચ્છા થઈ. એણે પેલા બાળકને બોલાવ્યો. બાળક ગાડીની બહાર ઊભો હતો. તેણે કહ્યું, 'શેઠ, દસ પૈસામાં એક ગલાસ ઠંડુ પાણી છે. બોલો કેટલા ગ્લાસ આપું ?' શેઠે કહ્યું, 'પાંચ પૈસામાં એક ગ્લાસ નહીં આપે ?' આવું સાંભળીને એ ગરીબ બાળક કટાક્ષમાં હસીને બીજા ડબે ચાલતો થયો. તે આ ધનવાન શેઠ પર હસ્યો. તેના હાસ્યમાં કાંઈક રહસ્ય હતું. જે પેલા સાધુને ખ્યાલ આવી ગયો. સાધુ ગાડીમાંથી નીચે ઉતર્યો અને તે બાળકની પાસે ગયો અને તેણે પાણી વેચતા બાળકને પૂછ્યું, 'બેટા, મને જલ્દીથી સમજાવ કે પેલા શેઠે તારી પાસે પાણી માંગ્યું. તેં કહ્યું દસ પૈસામાં એક ગ્લાસ. તેણે પાંચ પૈસામાં એક ગ્લાસ માંગ્યો. અને તેં એ ન આપ્યો, બરાબર એ તારી મરજીની વાત છે. પણ તું જે રીતે હસ્યો તેમાં મને કોઈ સાન ભરેલી વાત લાગી. મને કહી દે કે તું શા માટે હસ્યો ?'

બાળકે કહ્યું, 'મહારાજ, તેમાં કોઈ ખાસ વાત નથી. હું એટલા માટે હસ્યો કે મને ખાતરી થઈ ગઈ કે તે શેઠ ને તરસ લાગી જ નથી. જો તરસ લાગી હોય તો તે ભાવતાલ ન કરત.'

જ્યાં નજર કરો ત્યાં હાઈકમાંડની મોકાણ

તંત્રીસ્થાનેથી...

ભારતીય જનતા પાર્ટીનું મોવડી મંડળ સમેટાઈને બે નેતાઓ પૂરતું સીમિત થઈ ગયું છે. રાહુલ ગાંધીનો કટાક્ષ 'હમ દો, હમારે દો' મહદંશે સત્યથી નજીક લાગે છે. રાજનાથસિંહ હાંસિયે મુકાઈ ગયા અને અડવાણી-જોષીની જોડીને સંપૂર્ણપણે રિયાટર કરી દેવાઈ છે. અલબત્ત, આ સ્થિતિ વિશે કટાક્ષ કરનાર રાહુલ ગાંધીની પાર્ટીમાં તો વર્ષોથી આવી સ્થિતિ પ્રવર્તતી રહી છે. ક્યારેક 'ઈંદિરા ઈઝ ઈંડિયા' કહી બોસ મેડમને ખુશ કરવાના કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ દેવકાંત બરૂઆનાં વેણ તત્કાલીન વિપક્ષો માટે હોઠવગું હથિયાર બની રહ્યા હતાં. એ પછીના સમયગાળામાં પણ નરસિંહ રાવના શાસનકાળ સિવાય તો હાઈકમાંડ નહેરુ-ગાંધી પરિવાર પૂરતો જ સીમિત થઈ ગયો હતો. સંજય ગાંધીનો પણ એક જમાનો હતો. એ વખતે મા-દીકરાનું રાજ ચાલતું હતું. સંજયના અકાળ અવસાન પછી રાજીવ ગાંધીને દુરાગ્રહપૂર્વક રાજકારણમાં સક્રિય બનાવાયા ત્યારે ઈંદિરા ગાંધીના નજીકના સગા અરુણ નહેરુ હાઈકમાંડમાં દખલ દઈ શકતા હતા. પછી જ્યારે કોંગ્રેસમાં સોનિયા યુગ શરૂ થયો ત્યારે કાચી વયના રાહુલ બાબાને નેતૃત્વની તાલીમ મળે ત્યાં સુધી ચિઠ્ઠીના ચાકર જેવા મનમોહનસિંહ મોતીલાલ વોરા અને અહમદ પટેલ જેવા વફાદારો કોંગ્રેસ હાઈકમાન્ડના સભ્યો બની રહ્યા. હવે મનમોહનસિંહ મહદંશે નિવૃત્ત છે, અહમદ પટેલ અને મોતીલાલ વોરા સ્વધામ સિધાવી ગયા છે. સોનિયા અડીખમ હોવાનો દેખાવ ભલે કરે પણ ઉંમર અને બીમારીઓ એમને નબળાં પાડી દીધાં છે. રાહુલ ગાંધીએ પ્રામાણિક યુવા નેતા તરીકે ઈમેજ ઉભી કરવા પ્રયાસ કર્યો જરૂર, પરંતુ મોદીના વિકલ્પ તરીકે ઊપસી નથી શક્યા. પરિવારે જતનથી સાચવી રાખેલ બ્રહ્માસ્ત્ર જેવું છેલ્લું ઉર્ફે પ્રિયંકા ગાંધીને ઉત્તરપ્રદેશમાં અજમાવી જોયાં પણ પરિણામ ન મળ્યું. આમ હારી થાકી ગયેલ પરિવારથી છુટકારો મેળવવાના કોંગ્રેસના કેટલાક સિનિયર આગેવાનોના હળવા બળવાને ઝાઝું સમર્થન પણ નથી સાંપડ્યું. પરિણામે કાશીમાં જઈ કરવત મુકાવનાર મોચી છેલ્લે તો પછો મોચીનો જ અવતાર માગે ('દે, કરવતિયા, મોચીના મોચી!') એમ પાર્ટી પાસે સોનિયા - રાહુલ - પ્રિયંકા સિવાય કોઈ વિકલ્પ નથી રહ્યો. પ્રાદેશિક નેતૃત્વને છેક ઈંદિરાકાળથી વિકસતું અટકાવી દેવાયું, નહીંતર માધવસિંહ સોલંકી, અર્જુનસિંહ, એન.ડી. તિવારી, કે.સી. પંત કે શરદ પવાર જેવા નેતાઓ કોંગ્રેસ પાસે હતા જ. આજે પણ શરદ પવારનું રજવાડું અકબંધ છે. વિચારસરણીની રૂએ તદ્દન સામા છેડાની શિવસેનાના સર્વેસર્વા બાળાસાહેબ ઠાકરે તે સમયે પણ શરદ પવારને વડાપ્રધાન પદ મળતું હોય તો મરાઠી માણસ તરીકે એમનું સમર્થન કરવા તૈયાર હતા અને વર્તમાન મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે આજે પણ પવારની આમન્યા રાખે છે તે સર્વવિદિત છે. પશ્ચિમ બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનરજી કોંગ્રેસના રાષ્ટ્રીય નેતા બની શકવાનું કાઠું ધરાવે છે. ભારતીય બંગાળી અને બાંગ્લાદેઓશી બંગાળીઓમાં એ સરખી લોકપ્રિયતા ધરાવે છે અને ભારતીય જનતા પાર્ટીના ધમપછાડા સામે અડીખમ ઊભાં રહી અતિ શાહને પોતાની સામે નંદિગ્રામથી ચૂંટણી લડવા પડકારી શકે છે. ગત બે વખત મળેલી બેઠકો કરતાં વધુ બેઠકો જીતી પશ્ચિમ બંગાળની મુખ્યમંત્રીની ગાદી અંકે કરવાની એમને એમના જ શબ્દોમાં 'એકસો ને દસ ટકા' ખાતરી છે. જો કે હાઈકમાંડની વાત કરીએ ત્યારે તૂણમૂલ કોંગ્રેસમાં પણ એ જ મોંકાણ છે! ત્યાં ફોઈ-ભત્રીજાનો પરિવારવાદ હાવી થઈ ગયો છે એટલે ઘણા બધા ધારાસભ્યો એમને છોડીને ભગવો ખેસ પહેરી ચૂક્યા છે. ભારતીય જનતા પાર્ટીના હાઈકમાંડમાં બે નહીં, ચાર ગુજરાતીઓ છે! બાકીના બે પરોક્ષ રાજકારણના ખેલાડી છે. નામ આપવાની જરૂર ખરી ?

કોરોનાની રસી ફાયદાકારક છે?

તન દુરસ્તી
મહેન્દ્ર ગજ્જર

ડાહ્યાભાઈ આજે મોડા આવશે અથવા તો નહીં આવે.... એવું વિપુલનું નિવેદન હતું. ગાંડાલાલ વિપુલને ગુસ્સામાં કહ્યું... ના આવે એવું થોડું ચાલે... અઠવાડિયે એકવાર તો મળવાનું હોય. આપણા બધામાં સૌથી બુદ્ધિશાળી ડાહ્યાલાલ જ છે. નિલેષે કહ્યું, ડાહ્યાલાલે કોરોનાની રસી મુકાવી છે. તેના લીધે જો તાવ આવશે તો ડાહ્યાલાલ નહીં

કોરોનાની રસી ખરેખર મુકાવવી જોઈએ? કોરોનાની રસીની આડઅસર કેટલી છે?

આવે. શરીરમાં કોઈ પણ જાતની કોરોનાની રસીની આડઅસર નહીં હોય તો ડાહ્યાલાલ આવશે જ... નિલેષનું વાક્ય પુરું થાય એ પહેલા ડાહ્યાલાલ દેખાયા.... ત્રણેય જણા ઊભા થઈ ગયા અને ડાહ્યાલાલને આવકાર આપ્યો.ગાંડાલાલથી રહેવાયું નહીં... ગાંડાલાલને ઈર્ષ્યાનો ભાવ થયો. હું અડધો કલાકથી આવી ગયો છું છતાં મારી કોઈને કિંમત નથી. ગાંડાલાલ બોલે એટલે આ બંનેને તો કોઈ ગાંડો બોલ્યો હોય એવું લાગે. સાંભળી લો... ત્રણેય જતા મારું નામ ગાંડાલાલ છે. હું ગાંડો નથી. મારામાં બુદ્ધિ ઓછી છે એવું માનતા નહીં... આ તો જે દેખાય એ કહું છું. સાલુ મારી કોઈ કિંમત જ નથી. આ ડાહ્યાલાલ આવી ગયા એટલે બધા ખુશ થઈ ગયા.

ડાહ્યાલાલે અચાનક બાઝી સંભાળી લીધી... અરે... ગાંડાલાલ એવું નથી તમારામાં જે શક્તિ છે એ અમારા કોઈની પાસે નથી. તમારું નામ ભલે ગાંડાલાલ હોય પણ તમે ખુબ જ ચતુર છો. તમે પૂછેલા પ્રશ્નો ખુબ જ અગત્યના હોય છે. પ્રશ્નો પૂછવા માટે પણ બુદ્ધિની જરૂર હોય. ગાંડાલાલે કીધું બહુ થઈ ગયું... માની લીધું. હવે ડાહ્યાલાલ તમે એકલા એકલા કોરોનાની રસી મુકાવી આવ્યા. તમારે અમને કહેવું જોઈએને.... અરે ભાઈ, શિક્ષકની નોકરી કરું છું અને અઠવાડિયામાં ૫ દિવસ સિવિલ હોસ્પિટલમાં મફત સેવા કરવા જાઉં છું. વિપુલે પૂછ્યું, ડાહ્યાલાલ તમે ત્યાં જઈને કરો શું ? તમે તો ડૉકટર પણ નથી. તમારી વાત સાચી હું ડૉકટર નથી એટલે કે હું ઈન્જેકશન કે દવા નથી આપતો. હું સરકારી હોસ્પિટલમાં જયા સિવિલ સર્જન કહે એ જગ્યા ઉપર સેવા બજાવું છું.

ગાંડાલાલે કહ્યું, માંડીને વાત કરો તમે શું - શું સેવાઓ આપો છો. પહેલા તો હું ખાલી કેસ બારી ઉપર ઊભો રહેતો. જે દર્દીને તકલીફ પડે એને હું મદદ કરતો. પછી જે કોઈ જગ્યા ઉપર ઓપીડીમાં ભીડ વધારે હોય ત્યાં દર્દીઓને તકલીફ ના પડે એળી રીતે લાઈનની વ્યવસ્થા કરતો. જનરલ વોર્ડમાં જઈને એ લોકોની તકલીફ પૂછતો... એમને જે જરૂરિયાત હોય એ દર્દી સુધી પહોંચે એવી વ્યવસ્થા કરતો. ઈમર્જન્સી વોર્ડમાં જે દર્દીઓને વાગ્યું હોય, લોહી નીકળતું હોય એ બધાનું ડ્રેસિંગ કરતો. હોસ્પિટલ ચોખ્ખી રાખવા જે કંઈ કરવું પડે તે કરાવતો. આ બધાને લીધે મારું કોરોનાની રસીની કામકાજ ઝડપથી પુરું થયું.

ડાહ્યાલાલ બોલ્યા, આ તો બધું બરાબર છે. પણ અમારે રસી લેવાની હોય તો શું કરવાનું ? ડાહ્યાલાલે કહ્યું... ગાંડાલાલ તમે સરસ સવાલ પૂછ્યો. એક મહાનગરપાલિકામાં અને બીજું હોસ્પિટલમાં સુપ્રિન્ટેન્ટને ઈમેલ અથવા તો મોબાઈલ નંબર દ્વારા જાણ કરવાની રહે. જયારે તમારો નંબર આવે ત્યારે એસએમએસ દ્વારા તમને ટાઈમ આપવામાં આવે છે. હવે બીજો પ્રશ્ન તમારો એ હશે કે કોરોનાની રસી કેવી રીતે આપવામાં આવે છે. તો કોરોનાની રસી ડાબા અથવા જમણા ખભા ઉપર નાની સોય દ્વારા આપવામાં આવે છે. રસી લીધાપછી અડધો કલાક તે જગ્યા ઉપર બેસવાનું હોય છે. જેનાથી કોઈ પણ જાતની અસર અથવા આડઅસર સમજી શકાય છે. અડધો કલાક પછી તમે ઘેર જઈ શકો. વિપુલે પૂછ્યું... ડાહ્યાભાઈ, એવું છાપામાં અથવા તો ક્યાંક ક્યાંક સાંભળવામાં આવે છે કે વેક્સિન લીધા પછી રિએકશન આવે છે, કોઈકનો હાથ ખોટો પડી ગયો, કોઈકને તાવ આવી ગયો, તે બધું સાચું છે? ડાહ્યાલાલે કહ્યું, કોઈકને તાવ આવે એ વાત સાચી બાકીની બધી વાતો અને અફવા માની લેવી. વેક્સિન લેવી એ જરૂરી છે અને દરેક સ્ત્રી - પુરુષએ બધાએ રસી લેવી જોઈએ. હા, નાના બાળકો જે બહેનોને પ્રેગ્નેનસી હોય એમને વેક્સિન ન લેવી જોઈએ. અને જે લોકોને કોરોના થયો હોય અને એમાં પ્લાઝમા થેરાપી લીધી હોય એમને રસી ન લેવી જોઈએ. બાકી પ્લાઝમા થેરાપી ન લીધી હોય અને કોરોના થયો હોય એ બધાએ ૧૪ દિવસ પછી રસી લઈ શકાય.

હીતરુચિવિજયજી : જૈન સાધુ ભગવંતોની ઉજળી પરંપરાનું એક મહેકતું પુષ્પ

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

જૈન ધર્મની ઊંડી તથા અમીટ છાપ ગુજરાતના જનજીવન પર પડેલી છે. જૈન મુનીઓએ પોતપોતાના કાળમાં કઠીન સાધના અને ઉજળા તથા કરુણામય જીવનની શક્તિના બળે વિશાળ જનસમુદાયને સાચી દિશાનું દર્શન કરાવેલું છે. પ્રથમ તીર્થંકર શ્રી રુષભદેવ (આદિનાથ) ભગવાનથી ચોવીસમા તીર્થંકર શ્રી મહાવીરસ્વામી સુધીની દિવ્ય ચેતનાઓ થકી સંસારમાં જ્ઞાન તથા વૈરાગ્યની વૃધ્ધિ થવા પામી છે. અનેક લોકોની પ્રેરણાના સ્રોત બનીને જૈન સાધુ – સાધ્વીઓએ જગતને સત્ય – પ્રેમ અને કરુણાના માર્ગે દોર્યું છે. વિક્રમ સવંત ૧૧૪૫ની કાર્તિકી પૂર્ણિમાના દિવસે પાહિનીદેવીની કુખે ધંધુકામાં જન્મેલા ચાંગદેવ જગતમાં હેમચન્દ્રાચાર્યસૂરિ તરીકે સુવિખ્યાત થયા. સવંત ૧૯૨૪ (૧૨ નવેમ્બર-૧૮૬૭)ની કાર્તિક પૂર્ણિમાના દિવસેજ જેમનું પ્રાગટ્ય થયું એ શ્રીમદ રાજચન્દ્ર પણ ગ્રહસ્થાશ્રમના રહીને ઉત્તમ સાધુ ચરીત જીવન જીવી ગયા. ગાંધીજીએ પોતાની આત્મકથામાં શ્રીમદ્‌નો સંદર્ભ આપીને લખ્યું : ''પમારી આધ્યાત્મિક ભીડમાં હું તેમનો આશ્રય લેતો...ક્લક્ષ શ્રીમદ્ સાથેજ મોરબી પાસેના ટોળ ગામે ઓટસ્ટ-૧૯૦૪માં જન્મીને ચીલા ચાતરીને પગલા ભરનાર મુની સંતબાલજીનું પાવન સ્મરણ થાય છે. દર્શકે લખ્યું છે કે સંતબાલજી એક ક્રાંતિકારી સન્યાસી હતા. મુનીશ્રી પોતાના સમયથી ઘણું આગળ ચાલનારા હતા. ભાલ – નળકાંઠાના પાણીની અછત ધરાવતા વિસ્તારમાં લોકોને શુધ્ધ પીવાનું પાણી મળી રહે તેવા સફળ પ્રયાસ દેશ આઝાદીની ઝંખના કરતો હતો તેવા સમયમાં કર્યા. આ તમામ જૈન સાધુઓના મતે ધર્મ એ લોક કલ્યાણના કાર્યો કરવા માટેનું એક મજબૂત માધ્યમ હતું. તેઓ સાંપ્રદાયિકતાની સંકુચિતતાઓથી પર હતા. આત્મોન્નતિ સાથેજ સાર્વત્રિક ઉન્નતિ એ તેમનો જીવનમંત્ર રહ્યો હતો.

જૈન સાધુ ભગવંતોની આ ઉજળી પરંપરા વાંચવામાં આવી છે. સંતબાલજીને તો વ્યક્તિગત રીતે મળનારા પણ લોકો હશે. પરંતુ હજુ ગઈકાલ સુધી જેઓ આપણી વચ્ચે હતા તેવા પ્રતાપી જૈન મુની શ્રી હીતરુચિવિજયજી મહારાજ હજુ પણ અનેક લોકોની સ્મૃતિમાંથી ખસતા નથી. હીતરુચિ મહારાજ સાહેબનું દેહાવસાન માર્ચ-૨૦૧૯માં અમદાવાદમાં થયું. અનેક જૈન તથા જૈનેતર લોકોના મનમાં એક ઊંડી ખીન્નતાનો ભાવ સાહેબજીના જવાથી થયો. બાળક સહજ નિર્મળ વ્યક્તિત્વ ધરાવતા આ પુષ્પ સમાન વ્યક્તિત્વનું અકાળે કરમાઈ જવું તે વિધિની વકતા છે.

હીતરુચિ મહારાજ સાહેબનો પ્રથમ પરિચય ધોળકા કલિકુંડ ખાતે થયો. કુમારભાઈના આગ્રહથી સાહેબજીને મળવાનું થયું. આ મુલકાત સમયે એ વાતની ખબર પડી કે સાહેબજી સુરતના એક સમૃધ્ધ કુટુંબના નબીરા તેમના પૂર્વાશ્રમમાં હતા. સુરત કલેકટર તરીકે ફરજ બજાવતો હતો ત્યારે સેવંતીભાઈ શાહના નિકટના પરિચયમાં આવવાનું થયું હતું. આથી સાહેબજી પણ એજ કુટુંબના છે તે જાણીને સુખદ આશ્ચર્ય થયું. સેવંતીભાઈના સૌજન્યશીલ સ્વભાવના કારણે તેમના તરફ એક માનની લાગણી તો હતીજ. આથી આવા ધર્મપ્રેમી તેમજ માનવતાવાદી કુટુંબમાં સાહેબજી જેવા વ્યક્તિત્વનો ઉદય થાય તે સ્વાભાવિક પણ લાગ્યું. ધોળકાની મુલાકાત પછી સૂર્યકાન્તભાઈ મહેતા પણ સાહેબજી ગાંધીનગર આવે ત્યારે અચૂક જાણ કરતા હતા. આથી સાહેબજી સાથેનો સંવાદ વિશેષ થવા પામ્યો.

એક જૈન સાધુ ભગવંતને શોભે તેવું વ્યક્તિત્વ તો સાહેબજીનું હતુંજ. તેમના જીવન ક્રમમાં પણ જૈન વિચારધારા કે ગુરુના આદેશ અનુસાર સંપૂર્ણ મર્યાદા જાળવતા હતા. આમછતાં તેઓ આસપાસના જગતના સાંપ્રત પ્રશ્નોથી પૂર્ણતઃ સજાગ હતા. સમાજમાં જે સ્થિતિ પ્રવર્તતી હોય તેની ટીકા કરીને છૂટી જવું તેવું વલણ સામાન્ય રીતે જોવા મળે છે. તેમ કરવું કદાચ સહેલું પણ પડે. પરંતુ આવું વલણ એ જાગૃત થયેલા જીવોનું હોતું નથી. તેઓ તો જે વ્યવસ્થા કે સ્થિતિની નબળી બાજુઓ હોય તેની સામેજ હથિયાર ઉપાડે છે. જોકે તેમના આયુધો પ્રેમ તથા કરુણાના બળે તેઓ વાપરે છે. ભક્ત નરસિંહ મહેતાએ આમજ કર્યું. પૂજ્ય શ્રી મોટાએ સરકારી પ્રાથમિક શાળાઓમાં ખૂટતા ઓરડાઓ હતા તે બંધાવી આપવા માટેનું અઘરું યજ્ઞકાર્ય પણ આવાજ દ્રષ્ટિકોણથી કર્યું. મુની સંતબાલજીએ પણ સર્વગ્રાહી લોક કલ્યાણની અથાક પ્રવૃત્તિઓની મશાલ પ્રગટાવી. આજ પરંપરામાં સાહેબજીએ પણ ધીમા છતાં મક્કમ અને સુઆયોજિત પ્રયાસોથી વિશાળ સમૂદાયના કલ્યાણ માટેના અનેક ક્ષેત્રોમાં ડગલા ભર્યા.

જેમણે સંસારનો ત્યાગ કર્યો છે તેવા સાહેબજીના મુક્ત જીવે જોયું કે દેશના અનેક યુવાનો રોજગારીની શોધમાં ભટકતા રહે છે. સમાજની કોઈ વ્યાપક સમસ્યાને જોવા તમારે આંકડાઓની ઈન્દ્રજાળમાં પડવાની હમેશા જરૂર નથી. તમારા વિચાર તથા નજરમાં જો સંવેદનશીલતાનો ભાવ હોય તો આપોઆપજ એ સમસ્યા તરફ તમારું ધ્યાન ખેંચાય છે. આ બાબતના સંદર્ભમાં ભૂતકાળમાં જોઈએ તો ગોપાલકૃષ્ણ ગોખલેની સલાહ મુજબ ભારત ભ્રમણ કરી રહેલા યુવાન બેરિસ્ટર ગાંધીને પણ દેશની ગરીબીના દર્શન સહેજમાંજ થયા. ગરીબીના દર્શન થયા કે તરતજ આફ્રિકાથી આવેલા આ બેરિસ્ટર ગાંધીભાઈ મહાત્મા બનીને સત્ય તેમજ અહિંસાના હથિયારોથી દેશના વંચિતોની સમસ્યાના નિરાકરણ માટે આજીવન ઝઝૂમ્યા. આવીજ કંઈક ઘટમાળ સાહેબજીના જીવન કાર્યની પધ્ધતિમાં જોવા મળે છે. યુવાન બેરોજગારોને કામ મળી રહે તે માટે તેમણે સુલેખનનો પ્રારંભ કરાવ્યો. થોડી તાલિમ બાદ કોઈપણ વ્યક્તિ અલ્પશિક્ષિત હોય તો પણ આ કાર્ય કરી શકે છે. અનેક યુવાનોને આ કામગીરીમાં ઉત્પાદકીય શ્રમ કરીને રોજગારી મેળવતા જોયા છે. સ્વાસ્થ્યનો પ્રશ્ન હોય તો માત્ર ઉપચારજ નહિ પરંતુ રોગને આવતોજ અટકાવવા માટે વૈદરાજ હાર્ડિકરદાદા જેવા નિષ્ણાત આયુર્વેદ જ્ઞાતાની સલાહ મુજબ તેમણે કામ ઉપાડ્યું. લોકોને શુધ્ધ તેમજ સાત્વિક ખાનપાનની સામગ્રી મળે તે માટે 'અસલલ્ક જેવી રીટેઈલીંગની એક લાંબાગાળાની વ્યવસ્થા વિકસાવી. કેટકેટલા ક્ષેત્રોમાં તેમણે અનેક શારીરિક મર્યાદાઓ છતાં કામ કર્યું તે બાબત અહોભાવ જન્માવે તેવી છે. હીતરુચિવિજયજી એ ધ્રુવ તારક સમાન છે. તેમનો સ્નેહાળ અને પાવક પ્રકાશ હમેશા ઉપલબ્ધ છે. આપણે તેને ઝીલવાની ક્ષમતા કેળવીએ તેજ તેમને સાચી શ્રધ્ધાંજલિ છે.

ગાંધી : લોકશાહી અને સ્થાનિક સ્વરાજ

ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં ચૂંટણીના પડઘમ વાગી ચૂક્યા છે. ગાંધીજી જયારે દાંડીકૂચ લઈને નીકળ્યા હતા ત્યારે ચરોતરના એક ગામના વયોવૃદ્ધ માજીએ તેમને આશીર્વાદ આપતા કહ્યું હતું કે, 'સ્વરાજ લઈને પાછો આવજો.' ગાંધીને તો એ ગ્રામીણ મહિલાએ એ આશીર્વાદ આપ્યા કે જે ગાંધીના હૈયે અને હોઠે હતું. એ મોં એ તો ગાંધીના વિચારનો પડઘો પાડ્યો હતો. પણ અહીં સમજવા જેવી વાત એ છે કે ગ્રામઈણ મહિલાનો વિચાર પણ મૂળ તો લોકશાહી સ્થાપવા માટેનો હતો. જે આજે સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં પ્રતિબિંબિત થાય છે.

'ગાંધીજી અને લોકશાહી' સંદર્ભે આપણે 'કટોકટી' સમયે ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યું હતું એવા પુરુષોત્તમ ગણેશ માવળંતરની વાત સમજવા જેવી છે. કટોકટી સમયે લોકસભામાં કટોકટીનો સજ્જડ વિરોધ કરતાં પુ.ગ. માવળંકર સાહેબે જે વકતવ્યો ગૃહમાં આપ્યા હતા જે 'નો સર' ના નામે પુસ્તક રૂપે પ્રસિદ્ધ થયા છે. ગુજરાતીમાં પણ તે 'ભગવાન આ માફ નહીં કરે' શીર્ષકથી અનુવાદિત થયા છે. પોલિટિકલ સાયન્સના અધ્યાપક પ્રા. માવળંકરજી આજીવન લોકશાહી મૂલ્યોનું જતન કરતા રહ્યા હતા. તેમણે 'લોકશાહી, જાહેરજીવન અને સામન્ય ચૂંટણી' એવું પુસ્તક લખ્યું છે. વિવિધ વિષયો અને લોકશાહી પ્રણાલિકાને સાંકળતા આ પુસ્તકમાં તેમણે 'ગાંધીજી અને લોકશાહી' વિષય પર પણ સરસ મજાનો લેખ રજૂ કર્યો છે. આપણે સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ અત્યારે યોજાઈ રહી છે ત્યારે એ લેખના

માવળંકરના વિચારોમાં ગાંધી લોકશાહીની સમજણ

આધારે ગાંધીજીના મત લોકશાહી અંગેની વિગતો સમજવા જેવી છે.

પ્રા. પુ.ગ. માવળંકર લખે છે, 'ગાંધીજી અને લોકશાહી' જેવા વિષય પર સંક્ષેપમાં વિવરણ કરવાની હિંમત કરવામાં આ જોખમ રહેલું છે એ વાત હું પહેલેથી જ સ્વીકારે છે. હિમાલય અને મહાસગાર વિષે વાત માંડીએ તે તે થોડામાં પૂરી કરી શકાય ખરી? રામાયણ અને મહાભારત પર અતિ સંક્ષેપમાં બોલવાનું શી રીતે બને ? મહાત્મા ગાંધીના દેહાન્તને આજે ઘણા વર્ષો થયાં. સ્વતંત્ર ભારતમાં જન્મેલાં અને ઊછરી રહેલાં પણ લાખ ભાઈ-બહેનો માટે ગાંધીજી હવે કેવળ એમના નામ અને કામથી પરિચિત ને જીવંત છે. માનવ-પુરુષાર્થની કેટકેટલી કેડીઓ મહાત્માજીએ કુશળતાથી પાર કરી ! જે મા વર્ષના અખંડ કાર્યરત જીવનમાં ગાંધીજીએ કેટલાં બધાં શિખરો સર કર્યા !

અને, લોકશાહીની વાત કરવી એટલે છેલ્લાં ત્રણ હજાર, બલકે પાંચેક હજાર, વર્ષોની માનવ-મથામણની ગાથા ગાવા જેવું છે. એ તો ભગીરથ કાર્ય છે. સમાજમાં - ભાઈ-બહેનો પરસ્પર સંપ અને સહકારથી રહી શકે તે માટે લોકશાહી રીતરસમોનો ઉદય થયો. લોકશાહી સમાજમાંથી લોકશાહી રાજયની વિભાવના અને એનો વ્યવહાર શરૂ થયો. એ પ્રક્રિયા અખંડ છે. લોકશાહી જેમ રાજયને એક પ્રકાર અને સરકારની - મુકરર વ્યવસ્થા છે તેમ સમાજને એક આદર્શ અને પ્રજાની સ્વીકાર્ય વર્તણૂક પણ છે. કશાહી કોઈ તંત્ર માત્ર નથી. વ્યક્તિનું સ્વાતંત્રય અને સમાજનુંકલ્યાણ લોકશાહીનોમંત્ર છે.

લોકશાહીમાં લોકો વડે ચાલતી સરકાર હોય છે. લોકોના કલ્યાણ માટે કામ વાનો દાવો તો કોઈ પણ પ્રકારની સરકાર કરી શકે, અને સરકાર ગમે તેવી હોય તે પવ તે માણસોની બનેલી તે રહેવાની જ ! એટલે, લોકશાહી સરકાર તવતઃ એક જ મહત્ત્વની બાબતમાં અન્ય પ્રકારની સરકારોથી નોખી તરી આવે છે. અને ને, ઉપર જણાવ્યું તેમ, લોકો વડે ચાલતું તંત્ર. એવી સરકાર જ લોકોનું સાચું કલ્યાણ

એ શકે છે. લોકહિત શું છે તે જોવાનું, તપાસવાનું અને નક્કી કરવાનું લોકો પોતે જ નુંભાળે છે. એટલે જ, લોકો પર લોકશાહીનો આધાર છે. જેવા લોકો તેવી સરકાર. જેવા આપણે, તેવા આપણા પ્રતિનિધિઓ ! તેથી જ લોકશાહીમાં સર્વસામાન્ય લોકોની બુદ્ધિ-ભાવના, ખુમારી, તાલીમ અને શકિત પર ખૂબ ભાર મુકાય છે. આ કામ કેવળ બંધારણીય જોગવાઈઓથી નહિ થાય, થોડાક માણસે સારા હોય તેટલાથી આ વાત નહીં પતે, પ્રજાની ભૌતિક સુખાકારી કરતા રહીને જ આ યજ્ઞ કાર્ય ચલાવી નહીં શકાય, માટે લોકોનું નૈતિક અને આધ્યાત્મિક જીવન પણ ગણનાપાત્ર કક્ષાનું હોવું જોઈએ.

સાચી લોકશાહીના પાયામાં મહાત્મા ગાંધીએ આધ્યાત્મિકતાને અનિવાર્ય લેખાવી હતી. અને ગાંધીએ તો આ વાતને જીવનભર ભારતીય પ્રજાજીવનમાં ઓતપ્રોત થઈને ઝીલી હતી. અને એ વધુ ને વધુ ઊંડી ઉતરે એવા પ્રયાસો કર્યા હતા. ગાંધીની એક વાત લોકશાહીના હાર્દને સમજવા અને સ્વીકારવા મદદરુપ બને એમ છે એ જોઈએ :

''લોકશાહી એ કાંઈ એવું રાજય નથી કે જેમાં લોકો ઘેટાંની જેમ વર્તે. લોકશાહ